## જાહેરનામું

**પોલીસ કમિશ્નર અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક: ગ/ઉપક/ટ્રાફીક/ ૯૯ /૨૦૧૮,**
**તા. ૩ /૪ /૨૦૧૮**

હું, ડૉ. કે.એલ.એન.રાવ IPS, ઇ/ચા.પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર, મને ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ (૧૯૫૧ ના કાયદા નંબર ૨૨) ની પેટા કલમ ૩૩ (૧) (બી) (સી) ગુજરાત મોટર વાહન નિયમો ૧૯૯૯ ના નિયમ ૨૦૭ અંતર્ગત મળેલી સત્તા અન્વયે અમદાવાદ શહેરમાં મેટ્રો રેલ પ્રોજેક્ટ અન્વયે સ્ટેડીયમ પાંચ રસ્તાથી પ્રમુખ સ્વામી મહારાજ માર્ગ સુધી ચાલનાર બાંધકામ અનુસંધાને તા.૧૪/૩/૨૦૧૯ સુધી ટ્રાફીક સુચારુ રીતે ચાલે અને ટ્રાફીકની કોઇ સમસ્યા ઉદભવે નહી જે હેતુસર તે વિસ્તારમાંનો નીચે જણાવ્યા મુજબનો રસ્તો એક માર્ગીય અને ડાયવર્ઝન કરવા અંગેનો હુકમ કરૂ છું.

**<u>હુકમ</u> :-**

અમદાવાદ શહેરમાં મેટ્રો રેલ પ્રોજેક્ટ અંતર્ગત સ્ટેડીયમ પાંચ રસ્તાથી **(અક્ષાંશ-૨૩.૦૩૯૧૮૭૩, રેખાંશ-૭૨.૫૬૪૧૧૮૯)** મેટ્રોરેલનું કામકાજ શરુ થનાર હોય અને તે કામગીરી આગળ જતા હેવમોર સર્કલ (નવરંગપુરા) થી સુપરઇન અરમોઇસ હોટલથી રેલ્વે લાઇન ક્રોસ કરી યુનિક હાઉસ યુનિયન બેન્ક ઑફ ઇન્ડીયા વાળા રોડથી સીધા આશ્રમ રોડ ક્રોસ કરી નુતન ફ્લોશીપ સ્કુલથી સીધા બેન્ક ઑફ મહારાષ્ટ્ર ચાર રસ્તાથી સંકલ્પ રેસ્ટોરેંટથી સીધા પ્રમુખ સ્વામી મહારાજ માર્ગ **(રીવરફ્રન્ટ રોડ અક્ષાંશ-૨૩.૦૩૭૬૫૫૮ તથા રેખાંશ-૭૨.૫૭૧૦૩૯૩)** ખાતે સદરહું કામગીરી પુર્ણ થનાર છે. જે સમગ્ર રસ્તો બેરીકેટીંગ કરી વાહન વ્યવહાર સારુ બંધ રહેશે.

(૧) તા.૧ /૪/૨૦૧૮ થી તા.૧૪/૩/૨૦૧૯ સુધી સ્ટેડીયમ પાંચ રસ્તાથી સુપર ઇન અરમોઇસ હોટલની સામે આવેલ વિશ્રામ ફ્લેટ પાસે આવેલ ઇલેક્ટ્રીક પોલ નંબર-HN-8996 સુધીનો સમગ્ર રસ્તો ૯-મીટર જેટલુ બેરીકેડીંગ કરી વાહન વ્યવહાર સારુ બંધ રહેનાર હોવાથી આ રોડ ઉપરથી વાહન વ્યવહારની અવર-જવર થઇ શકશે નહી. **(સમગ્ર રોડ "નો-વ્હીકલ પાર્કિંગ ઝોન" રહેશે તથા વચ્ચે આવતા નાના ચાર રસ્તા ખુલ્લા રહેશે.)**

**<u>વૈકલ્પિક રૂટ</u>** : સ્ટેડીયમ પાંચ રસ્તાથી સુપર ઇન અરમોઇસ હોટલની સામે વિશ્રામ ફ્લેટ પાસે આવેલ ઇલેક્ટ્રીક પોલ નંબર-HN-8996 સુધીના સમગ્ર રોડ ઉપર ૯-મીટર જેટલુ બેરીકેડીંગ કરનાર છે અને સાઇડનો બન્ને તરફનો રોડ ૩-૩ મીટર જેટલો ખુલ્લો રહેનાર છે. જે ખુલ્લા રહેનાર રોડમાંથી ફક્ત સ્થાનિક રહેતા નાગરિકો તથા પ્રાઇવેટ ઑફિસ ધરાવતા નોકરીયાતો તથા તમામ પ્રકારના ટુ-વ્હીલરો જ અવર-જવર કરી શકશે. રીક્ષા તથા ફોરવ્હીલ કાર માટે સ્ટેડીયમ પાંચ રસ્તા તરફથી હેવમોર સર્કલ તરફ આવવા માટે સ્ટેડીયમ પાંચ રસ્તાથી સીધા સ્વસ્તિક ચાર રસ્તાથી ડાબી તરફ વળી નવરંગપુરા ચાર રસ્તાથી ડાબી તરફ વળી આગળની તરફ જઇ શકાશે. તેજ રીતે હેવમોર સર્કલ તરફથી સ્ટેડીયમ પાંચ રસ્તા તરફ જવા માટે નવરંગપુરા ચાર રસ્તાથી જમણી તરફ વળી સ્વસ્તિક ચાર રસ્તાથી જમણી તરફ વળી આગળની તરફ જઇ શકાશે.

(૨) તા.૧/૪/૨૦૧૮ થી તા.૧૪/૩/૨૦૧૯ સુધી સ્ટેડીયમ પાંચ રસ્તાથી સુપરઇન એરમોઇસ હોટલથી રેલ્વે લાઇન ક્રોસ કરી યુનિક હાઉસ યુનિયન બેન્ક ઑફ ઇન્ડિયા વાળા રોડથી આશ્રમ રોડ કોર્નર સુધીનો સમગ્ર રોડ ૯-મીટર જેટલુ બેરીકેડીંગ કરી વાહન વ્યવહાર સારુ બંધ રહેનાર હોવાથી આ રોડ ઉપરથી વાહન વ્યવહારની અવર-જવર થઇ શકશે નહી. **(સમગ્ર રોડ "નો-વ્હીકલ પાર્કિંગ ઝોન" રહેશે તથા વચ્ચે આવતા નાના ચાર રસ્તા ખુલ્લા રહેશે.)**

**<u>વૈકલ્પિક રૂટ</u>** : સુપર ઇન અરમોઇસ હોટલથી રેલ્વે લાઇન ક્રોસ કરી યુનિક હાઉસ યુનિયન બેન્ક ઑફ ઇન્ડીયા વાળા રોડથી આશ્રમ રોડ કોર્નર સુધીના સમગ્ર રોડ ઉપર ૯-મીટર જેટલુ બેરીકેડીંગ કરનાર છે અને સાઇડનો ફક્ત એક જ તરફનો રોડ ૩-મીટર જેટલો ખુલ્લો રહેનાર છે. જે ખુલ્લા રહેનાર રોડ પરથી ફક્ત જુની હાઇકોર્ટ પાછળના રોડ તરફથી સ્થાનીક રહેતા નાગરિકો તથા પ્રાઇવેટ ઓફીસ ધરાવતા

નોકરીયાતો તથા તમામ પ્રકારના ટુ-વ્હીલરો ફક્ત આશ્રમ રોડ તરફ જ જઇ શકશે. પરંતુ આશ્રમ રોડ તરફથી યુનિક હાઉસ યુનિયન બેન્ક ઑફ ઇન્ડીયા તરફ આવી શકશે નહી. જેથી રીક્ષા તથા ફોરવ્હીલ કાર માટે જુની હાઇકોર્ટ તરફ જવા માટે આશ્રમરોડ ઉપરથી ઇન્કમટેક્ષ ચાર રસ્તાથી ડાબી બાજુ વળી ઇન્કમટેક્ષ અંડરપાસના ઉપરના ભાગેથી ડાબી બાજુ વળી આગળની તરફ જઇ શકશે.

**(૩)** તા.૧/૪/૨૦૧૮ થી તા.૧૪/૩/૨૦૧૯ સુધી યુનિક હાઉસ યુનિયન બેન્ક ઑફ ઇન્ડીયાથી આશ્રમ રોડ તરફ જતા આશ્રમ રોડ કોર્નરથી આશ્રમરોડ ક્રોસ કરી નુતન ફલોશીપ સ્કુલથી સીધા બેન્ક ઑફ મહારાષ્ટ્ર ચાર રસ્તાથી સંકલ્પ રેસ્ટોરંટથી સીધા પ્રમુખ સ્વામી મહારાજ માર્ગ (રિવરફ્રન્ટ રોડ) સુધીનો સમગ્ર રોડની બન્ને સાઇડે ૮-૮ મીટર જેટલું બેરીકેડીંગ કરી વાહન વ્યવહાર સારુ બંધ રહેનાર હોવાથી આ રોડ ઉપરથી વાહન વ્યવહારની અવર જવર થઇ શકશે નહી. **(સમગ્ર રોડ "નો-વ્હીકલ પાર્કિંગ ઝોન" રહેશે તથા વચ્ચે આવતા નાના ચાર રસ્તા ખુલ્લા રહેશે.)**

**વૈકલ્પિક રુટ :** આશ્રમ રોડ કોર્નરથી આશ્રમરોડ ક્રોસ કરી નુતન ફલોશીપ સ્કુલથી સીધા બેન્ક ઑફ મહારાષ્ટ્ર ચાર રસ્તાથી સંકલ્પ રેસ્ટોરેટ થી સીધા પ્રમુખ સ્વામી મહારાજ માર્ગ (રીવરફ્રન્ટ રોડ) સુધીના સમગ્ર રોડની બન્ને સાઇડે ૮-૮ મીટર જેટલુ બેરીકેડીંગ કરનાર છે અને વચ્ચેનો ફક્ત ૪-મીટર જેટલો રોડ ખુલ્લો રહેનાર છે. જે ખુલ્લા રહેનાર રોડમાંથી ફક્ત આશ્રમરોડ તરફથી આવતા અને સ્થાનિક રહેતા નાગરિકો તથા પ્રાઇવેટ ઓફીસ ધરાવતા નોકરીયાતો તથા તમામ પ્રકારના ફોરવ્હીલ સુધીના નાના વાહનો જ ફક્ત બેન્ક ઑફ મહારાષ્ટ્ર ચાર રસ્તા તરફ આવી શકશે. પરંતુ બેન્ક ઑફ મહારાષ્ટ્ર ચાર રસ્તા તરફથી આશ્રમ રોડ તરફ જઇ શકાશે નહી. તેમજ રીક્ષા તથા ફોરવ્હીલ કાર માટે આશ્રમ રોડ તરફ જવા માટે બેન્ક ઑફ મહારાષ્ટ્ર ચાર રસ્તાથી સીધા બુટાસીંગ મહાદેવ તરફ જઇ આશ્રમ રોડ તરફ જઇ શકાશે.

આ જાહેરનામુ ફાયરબ્રિગેડ, એમ્બ્યુલન્સ સેવાઓ તથા સરકારી વાહનોને કામગીરી દરમ્યાન લાગુ પડશે નહિ.

આ જાહેરનામાનો અમલ જાહેરનામું પ્રસિદ્ધ થયેથી તા.૧૪/૩/૨૦૧૯ સુધી કરવાનો રહેશે.

આ જાહેરનામાના આદેશોનું ઉલ્લંઘન કરનાર ઇસમ ભારતીય ફોજદારી ધારા કલમ ૧૮૮ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતાં ખાસ/સંયુક્ત/અધિક પોલીસ કમિશ્નરશ્રીના દરજ્જાથી પોલીસ કોન્સ્ટેબલ સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારી / કર્મચારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ઇ.પી.કો. કલમ-૧૮૮ તથા ગુજરાત પોલીસ અધિનિયમ કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૩ /૪ /૨૦૧૮ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.




તા.૩ /૪ /૨૦૧૮
અમદાવાદ શહેર

(ડૉ. કે.એલ.એન.રાવ)
ઇ/ચા. પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર

**નકલ સવિનય રવાના :**

(૧) મેનેજરશ્રી ગવર્નમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા
૨/- ગુજરાત ગર્વમેન્ટ ગેજેટ પ્રસિધ્ધ કરવા સારૂ.

(૨) અગ્ર સચિવશ્રી, ગૃહ વિભાગ, ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગર.

(૩) પોલીસ મહનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા. પોલીસ ભવન, ગાંધીનગર.

(૪) કલેકટરશ્રી, જીલ્લા કલેકટરની કચેરી, ઘી કાંટા, અમદાવાદ શહેર.